3c

[A-88]

No. of Printed pages : 2

# SARDAR PATEL UNIVERSITY

MA (III$^{rd}$ Semester) Examination

Thursday, 23$^{th}$ April 2015

2=30 pm to 5=30 pm

PA03EGUJ03 (New Course) Gujarati

Comparative Literature (તુલનાત્મક સાહિત્ય) કુલ ગુણ : ૭૦

પ્રશ્ન : ૧ : નીચેના પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં લખો. દરેક પ્રશ્ન એક ગુણ ધરાવે છે. ૧૦

૧. તુલનાત્મક સાહિત્યના કયા અભિગમમાં એક કરતાં વધારે ભાષાના સાહિત્યનું અધ્યયન કરવામાં આવે છે?

(ક) ફ્રેંચ, (ખ) અમેરિકન, (ગ) બ્રિટીશ, (ઘ) ભારતીય.

૨. 'પથેર પાંચાલી' સાહિત્ય કૃતિ અને એ પરથી ઉતરેલી ફિલ્મનું અધ્યયન તુલનાત્મક સાહિત્યના કયા અભિગમ અંતર્ગત થઇ શકે?

(ક) ફ્રેંચ, (ખ) અમેરિકન, (ગ) બ્રિટીશ, (ઘ) ભારતીય.

૩. 'કમ્પેરેટીવ લીટરેચર' નામકરણમાં રહેલી સંદિગ્ધતાઓની ચર્ચા કરનારા વિદ્વાનનું નામ આપો.

(ક) રેને વેલેક, (ખ) લેન કૂપર, (ગ) હેન્રી રેમાક, (ઘ) ગેટે.

૪. આપેલી માહિતી સંદર્ભે સાચું ખોટું વિધાન જણાવો.

વિધાન : અ : હેન્રી રેમાકની તુલનાત્મક સાહિત્યની વ્યાખ્યામાં ફ્રેંચ અને અમેરિકન અભિગમોનો નિર્દેશ થયો છે.

વિધાન : બ : તુલનાત્મક સાહિત્યના પાયામાં ગેટેની વિશ્વ સાહિત્યની વિભાવના રહેલી છે.

(ક). બંને વિધાન સાચાં છે. (ખ) બંને વિધાન ખોટાં છે. (ગ) વિધાન અ સાચું અને વિધાન બ ખોટું છે.

(ઘ) વિધાન અ ખોટું અને વિધાન બ સાચું છે.

૫. ગુજરાતમાં તુલનાત્મક સાહિત્યના અધ્યયનનો સ્વતંત્ર અનુસ્નાતક વિભાગ ક્યાં આવેલો છે?

(ક) વલ્લભ વિદ્યાનગર, (ખ) વડોદરા, (ગ) અમદાવાદ, (ઘ) સુરત.

૬. આપેલી માહિતી સંદર્ભે સાચું ખોટું વિધાન જણાવો.

વિધાન : અ : પ્રબોધકુમાર સાન્યાલે હિમાલયના પ્રવાસનું આલેખન કરતી 'મહાપ્રસ્થાનેર પથ' નામે કૃતિ રચી છે.

વિધાન : બ : 'મહાપ્રસ્થાનેર પથ' પરથી 'યાત્રિક' નામે એક હિન્દી ફિલ્મનું નિર્માણ થયું છે.

(ક). બંને વિધાન સાચાં છે. (ખ) બંને વિધાંન ખોટાં છે. (ગ) વિધાન અ સાચું અને વિધાન બ ખોટું છે.

(ઘ) વિધાન અ ખોટું અને વિધાન બ સાચું છે.

૭. કાકાસાહેબ કાલેલકરે સાધુઓનું પિયર કોને ગણાવ્યું છે?

(ક) હિમાલય, (ખ) હરદ્વાર, (ગ) ઋષિકેશ, (ઘ) બદ્રી-કેદાર.

૮. 'યાત્રિક' અને 'હિમાલયનો પ્રવાસ' બંને ભારતીય સાહિત્યના કયા યુગની કૃતિઓ છે?

(ક) પ્રાચીન, (ખ) મધ્યકાલીન, (ગ) અર્વાચીન, (ઘ) આધુનિક.

૯. આપેલી માહિતી સંદર્ભે સાચું ખોટું વિધાન જણાવો.

વિધાન : અ : કાકાસાહેબ હિમાલયના પ્રવાસ દરમિયાન શ્રીનગર પણ ગયા હતા.

વિધાન : બ : કાકાસાહેબે જે શ્રીનગરની મુલાકાત લીધેલી એ ઉત્તરાંચલમાં આવેલું છે.

(ક). બંને વિધાન સાચાં છે. (ખ) બંને વિધાન ખોટાં છે. (ગ) વિધાન અ સાચું અને વિધાન બ ખોટું છે.

(ઘ) વિધાન અ ખોટું અને વિધાન બ સાચું છે.

૧૦. હિમાલયનો પ્રવાસ કાકાસાહેબ સાથે બીજા કેટલા યાત્રિકોએ કર્યો હતો?

(ક) ૧, (ખ) ૨, (ગ) ૩, (૪) ૪.

પ્રશ્ન : ૨ : વિદ્વાનોએ આપેલી તુલનાત્મક સાહિત્યની વ્યાખ્યાઓને આધારે આ અધ્યયન અભિગમની લાક્ષણિકતાઓની ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૨ : સાહિત્ય સંશોધન વિવેચનના અન્ય અભિગમોથી તુલનાત્મક સાહિત્ય કઈ રીતે અલગ પડે છે એની સ-દ્રષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન : ૩ : ગમે તે બે વિષયો પર ટૂંકનોંધ લખો. ૧૫

(ક) તુલનાત્મક સાહિત્યનો અમેરિકન અભિગમ.

(ખ) તુલનાત્મક સાહિત્યમાં પ્રભાવનું અધ્યયન.

(ગ) તુલનાત્મક સાહિત્યમાં વિષયવસ્તુનું અધ્યયન.

(ઘ) તુલનાત્મક સાહિત્યનો ફ્રેંચ અભિગમ.

પ્રશ્ન : ૪ : 'હિમાલયનો પ્રવાસ' અને 'યાત્રિક'ની પાત્રસૃષ્ટિની તુલના કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૪ : 'હિમાલયનો પ્રવાસ' અને 'યાત્રિક'ના યાત્રા માર્ગની સરખામણી કરી, બંનેના સંતર્પક પ્રસંગોની ચર્ચા કરો.

પ્રશ્ન : ૫ : 'હિમાલયનો પ્રવાસ' અને 'યાત્રિક'માંથી પ્રગટ થતા એમના સર્જકોના વ્યક્તિત્વોની તુલના કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૫ : બન્ને વિષય પર ટૂંક નોધ લખો.

(ક) 'હિમાલયનો પ્રવાસ' અને 'યાત્રિક'નો અંત.

(ખ) 'હિમાલયનો પ્રવાસ' અને 'યાત્રિક'ની રસસૃષ્ટિ.

—x—x—x—